


# મોદી અને મહંત સ્વામી દ્વારા પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનું ઉદ્‌ઘાટન

## મોદીએ પ્રમુખ સ્વામી નગરનું નિરીક્ષણ કર્યું : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં પ્રમુખ સ્વામી મહારાજની ૪૫ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ પણ કર્યુ હતું



અમદાવાદ, તા.૧૪

પીએમ મોદીએ આજે એટલે કે, ૧૪ ડિસેમ્બરે પ્રમુખસ્વામી શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ,રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને સ્વામિનારાયણના સંતો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવનું ઉદ્ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મહંતસ્વામી મહારાજના હસ્તે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીએપીએસ સંસ્થાના વડા મહંત સ્વામી સાથે પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવનું ઉદ્‌ઘાટન કર્યુ છે. ત્યારબાદ પ્રમુખ સ્વામી મહારાજની ૪૫ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઓગણજના પ્રમુખ સ્વામી નગર પહોંચી ગયા હતા. તેમણે મહંત સ્વામી સાથે પ્રમુખ સ્વામી નગરનું ઉદ્‌ઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા તેટલું જ નહીં, સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ-સંતો પણ મોટા પ્રમાણમાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અહીં પ્રમુખ સ્વામી મહારાજની ૪૫ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ પણ કર્યુ છે. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદી, મુખ્યમંત્રી અને રાજ્યપાલ તેમજ મ્હૅંજીના સ્વામીનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત ગણો સાથે અક્ષરધામની પ્રતિકૃતિ પ્રાંગણમાં અક્ષરધામની પ્રતિકૃતિ પરિક્રમા કરતા પીએમ મોદીએ કરી હતી. અહીં આ પ્રતિકૃતિમાં સંતોની મૂર્તિમે પીએમ મોદીએ હૃદયના ઉંડા ભાવ સાથે પુષ્પાંજલિ અર્પિત કરી હતી. આ પ્રતિકૃતિમાં ૪૮ એવી મૂર્તિઓ છે જે ગણેશજીની છે. પીએમ મોદીએ સીતારામ અને હનુમાનજીના દર્શન કરી પ્રદક્ષિણા કરી હતી. શ્રી રામના દર્શન બાદ પીએમ મોદી આગળ વધ્યા હતા અને મહોત્સવમાં પધારેલા લોકોનું અભિવાદન જીલ્યુ હતુ. આંતરરાષ્ટ્રીય સ્તરે એક આગવી છાપ ઊભી કરનારા પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવની તૈયારીઓ પૂર્ણ રૂપે થઈ ચૂકી છે. પ્રમુખ સ્વામી મહારાજને અંજલિ આપવા માટે ભારત અને વિદેશોમાંથી ઠેર ઠેર લાખો લોકો ઊમટશે. તેની તૈયારીઓ રૂપે ૬૦૦ એકરની વિશાળ ભૂમિમાં મહોત્સવ સ્થળ પ્રમુખસ્વામી મહારાજ નગર વિકસાવવામાં આવ્યું છે. આગામી ૧૪ ડિસેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી સ્વામિનારાયણ સંસ્થા દ્વારા પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્વ ઉજવાશે. ૬૦૦ એકરમાં બનેલા આ નગરની અનેકવિધ વિશેષતાઓ છે. આ મહોત્સવ સ્થળ ૨૫૦ કરતાં વધારે ખેડૂતો અને બિલ્ડરોના નિઃસ્વાર્થ સહયોગથી તેમણે આપેલી ભૂમિ પર રચવામાં આવી છે. મહોત્સવ સ્થળના અનેક આકર્ષણો જીવનઘડતરની પ્રેરણા આપે છે અને લોકોને નૈતિક-આધ્યાત્મિક બાબતો જીવનમાં નવી રીતે શીખવાની અને અપનાવવાની એક તક પૂરી પાડે છે. આ પ્રસંગે નવા ચૂંટાયેલા ધારાસભ્યો જીતુ વાઘાણી, હાર્દિક પટેલ, કૌશિક જૈન, પંકજ દેસાઈ, અમિત ઠાકર ઉપરાંત અમદાવાદના મેયર કિરીટ પરમાર સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વ સાંસદ રતિલાલ વર્મા, પૂર્વ ગૃહ મંત્રી રજની પટેલ પણ હાજર રહ્યા હતા. તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના જેઠાલાલ પણ પહોંચ્યા હતા.








### જાન્યુઆરીમાં શું શું થશે

- **1 જાન્યુઆરી:** બાળ- યુવા કિર્તન આરાધના
- **2 જાન્યુઆરી:** બાળ સંસ્કાર દિન
- **3-4 જાન્યુઆરી:** યુવા સંસ્કાર દિન-ગુજરાત ગૌરવ દિને દેશ-વિદેશના બાળકો-યુવાનોની રોમાંચક રજૂઆતો
- **5 જાન્યુઆરી:** મહિલા દિન નિમિત્તે આંતરરાષ્ટ્રીય મહિલા કાર્યક્રમો
- **6 જાન્યુઆરી:** અખાતી દેશના વડા-રાજાની ઉપસ્થિતિ
- **7 જાન્યુઆરી:** નોર્થ અમેરિકાના રાજદૂતો-નેતાઓની ઉપસ્થિતિ
- **8 જાન્યુઆરી:** યુ.કે. યુરોપના રાજદૂતો-નેતાઓની ઉપસ્થિતિ
- **9 જાન્યુઆરી:** આફ્રિકાના જુદા જુદા દેશોના રાજદૂતો અને પ્રખર નેતાઓની ઉપસ્થિતિ
- **10 જાન્યુઆરી:** મહિલા દિન - 2
- **11 જાન્યુઆરી:** બી.એ.પી.એસ. એશિયા પેસિફિક દિન
- **12 જાન્યુઆરી:** અક્ષરધામ દિન
- **13 જાન્યુઆરી:** સંત કિર્તન આરાધના
- **15 જાન્યુઆરી:** PM નરેન્દ્ર મોદી, અમિત શાહની ઉપસ્થિતિમાં પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ પૂર્ણાહૂતિ સમારોહ





### દર્શનાર્થીઓ માટે ખાસ આકર્ષણો-સુવિધાઓ

- 8 લાખ બબલ્સની પ્રમુખસ્વામી મહારાજની કલાત્મક મૂર્તિ
- સહજાનંદ જ્યોતિ મંડપમ સાથે જ્યોતિ ઉદ્યાનનો ઝળહળાટ
- મહોત્સવ સ્થળે ઠેર ઠેર વોશરુમના 125થી વધુ પાકા બ્લોક્સ
- નિર્માણથી માંડીને સ્વચ્છતા સુધીની સેવામાં 2200 સ્વયંસેવકો
- મહોત્સવનું સંચાલન 45 કાર્યવિભાગો દ્વારા કરાશે
- સંયોજન માટે ખાસ IT વિભાગ દ્વારા નેટવર્કિંગ






### ડિસેમ્બરમાં શું શું થશે

- **14 ડિસેમ્બર:** સાંજે 5 વાગ્યે પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉદ્‌ઘાટન
- **દરરોજે:** 'નારાયણ સભાગૃહ'માં સાંજે 5.00થી 7.30 વિવિધ વિષયક સભાકાર્યક્રમો
- **15 ડિસેમ્બર:** અમિત શાહનું આગમન, 'ઈન્ટરનેશનલ કન્વેન્શન ફોર બેટર લિવિંગ'નો આરંભ
- **16 ડિસેમ્બર:** સંસ્કુતિ દિન
- **17 ડિસેમ્બર:** પરાભક્તિ દિન
- **18-19 ડિસેમ્બર:** મંદિર ગૌરવ દિને મંદિર શિલ્પ સ્થાપત્ય પર કોન્ફરન્સ, ગુરુભક્તિ વંદના
- **20 ડિસેમ્બર:** સંવાદિતા દિને તમામ ધર્મોના વડાઓનો મંચ પરથી એકતા સંદેશ
- **21-22 ડિસેમ્બર:** સમરસતા અને આદિવાસી ગૌરવ દિન. શ્રીમદ્ શંકરાચાર્યજી સ્વામીશ્રી સદાનંદજી મહારાજની ઉપસ્થિતિ
- **23 ડિસેમ્બર:** અધ્યાત્મ અને આરોગ્ય દિન
- **24 ડિસેમ્બર:** વ્યસન મુક્તિ- જીવન પરિવર્તન દિન
- **25 ડિસેમ્બર:** રાષ્ટ્રીય સંત સંમેલન
- **26 ડિસેમ્બર:** સ્વામિનારાયણ સંત સાહિત્ય- લોક સાહિત્ય દિન
- **27 ડિસેમ્બર:** વિચરણ - સ્મુતિ દિન
- **28 ડિસેમ્બર:** સેવા દિન
- **29 ડિસેમ્બર:** પારિવારિક એકતા દિન
- **30 ડિસેમ્બર:** સંસ્કાર અને શિક્ષણ દિન
- **31 ડિસેમ્બર:** દર્શન - શાસ્ત્ર દિને સંસ્કૃત યુનિવર્સિટીઓના ઉપકુલપતિઓ અને વિદ્વાનોની ઉપસ્થિતિમાં વિશિષ્ટ તત્ત્વજ્ઞાન સમારોહ





### આવો જાણીએ મહોત્સવ વિશે મહત્ત્વનું..

- 15 ડિસેમ્બરથી 15 જાન્યુઆરી સુધી મહોત્સવ
- દર્શનાર્થીઓને રોજ બપોરે 2થી રાત્રે 9 સુધી પ્રવેશ
- રવિવારે સવારે 9થી રાત્રે 9.00 વાગ્યા સુધી પ્રવેશ
- દરરોજ રાત્રે 10.00 વાગ્યે મહોત્સવ સ્થળ બંધ થશે
- એસ.પી. રીંગ રોડ પર ભાડજથી ઓગણજ વચ્ચે નગર
- નગરમાં પ્રવેશ માટે દરેક દિશામાં એક એમ 7 દ્વાર
- તમામ દર્શનાર્થીઓ માટે પ્રમુખસ્વામી નગરમાં ફ્રી એન્ટ્રી

